<u>ટ્રાફિક સેન્સસ/સમયમર્યાદા</u>

ગુજરાત સરકાર
**માર્ગ અને મકાન વિભાગ,**
૧૪/૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
-અધિક્ષક ઈજનેરશ્રી, નેશનલ હાઇવે વર્તુળ, ગાંધીનગર / વડોદરા.
-અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર.
-અધિક્ષક ઈજનેરશ્રી, (મા.મ) વર્તુળ,અમદાવાદ/મહેસાણા/સુરત/વડોદરા.
-અધિક્ષક ઈજનેરશ્રી, (મા.મ) રાજકોટ વર્તુળ-૧ અને ૨,રાજકોટ.
-અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ) વર્તુળ, અમદાવાદ/ગાંધીનગર/સુરત/વડોદરા.
-અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ) રાજકોટ વર્તુળ-૧ અને ૨, રાજકોટ.

**વિષય:- ટ્રાફિક સેન્સસ ઓક્ટોબર-૨૦૨૩ની કામગીરીના આયોજન બાબત.**

ઉપર્યુકત વિષય અંગે જણાવવાનું કે ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન ટ્રાફિક સેન્સસની કામગીરી હાથ ધરવાની થાય છે. જે અન્વયે આ સાથે સામેલ વર્તુળવાર કાર્યક્રમ ધ્યાને લઇ આપના વર્તુળના નિયંત્રણ હેઠળના કાઉન્ટર પોસ્ટ પર ટ્રાફિક સેન્સસ કરાવવા જણાવવામાં આવે છે. આ કામગીરી માટે રોકવામાં આવતા સ્ટાફને આ કામગીરી શરૂ થતાં અગાઉ એક દિવસ તાલીમ આપવી તથા તેઓ ૨૪ કલાક ગણતરીનું કામ સરળતાથી કરી શકે તે માટે ૮ કલાકની ત્રણ શીફ્ટ રાખવી અને તેઓને જરૂરી સગવડો પુરી પાડવી.

૨/- ટ્રાફિક સેન્સસ, રસ્તાઓના આયોજન અને રસ્તાઓની પહોળાઇ/મજબૂતીકરણ/સુધારણાની કામગીરી માટે પાયાનો રેકર્ડ (બેઝીક રેકર્ડ) હોઈ, આ કામગીરીને વિશેષ મહત્વ આપવું જરૂરી છે. આથી, જે તે વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રીએ ટ્રાફિક સેન્સસ દરમિયાન તેમના તાબા હેઠળના કેટલાક અગત્યના કાઉન્ટર પોસ્ટનું અચૂક નિરીક્ષણ કરવું. તેઓએ કરેલ નિરીક્ષણના અહેવાલો પ્રમાણિત કરીને દિન-૧૦ માં સરકારશ્રીમાં મોકલવા તેમજ સેન્સસ ની સઘળી વિગતવાર માહિતી નિયામકશ્રી,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રને અચૂક મોકલી આપવી. આ કામગીરીમાં સંબંધિત વર્ક આસિસ્ટન્ટ, વિભાગીય અધિકારી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી અંગત ધ્યાન આપે તે જોવું. આ કામગીરીની સઘળી જવાબદારી સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી અને આપશ્રીની રહેશે. આ કામગીરી ન થાય કે તેમાં ક્ષતિ માલૂમ પડશે તો તે માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી અને આપશ્રીની જવાબદારી ગણાશે.

૩/- ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન કરેલ ટ્રાફિક સેન્સસની કામગીરી બાબતે સરકારશ્રીની સ્થાયી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય, સમગ્ર કામગીરીમાં કોઈ ક્ષતિ ન રહેવા પામે તેમજ સંબંધિત અધિકારી સચિવાલય કક્ષાની નિરીક્ષણ ટીમ સાથે રહી પૂરતો સહકાર આપે જે જોવા વિનંતી છે.

Signature Not Verified
Signed by:K T Patel
Under Secretary
Date: 2023.09.20
18:15:23 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૪/- લોકલ ટ્રાફિકની અસરથી દૂર ટ્રાફિક સેન્સસ થાય તેની કાળજી લેવાની રહેશે. આ હેતુમાટે અગાઉના કાઉન્ટ પોસ્ટનું લોકેશન બદલાતું હોય તો નવા તથા જૂના બંને કાઉન્ટ પોસ્ટની વિગતો રીમાર્કસના કોલમમાં અચૂક લખવાની રહેશે.

૫/- ટ્રાફિક સેન્સસની માહિતી માર્ગ અને મકાન વિભાગના તા.૨૦/૦૭/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: પીપીયુ/૫૭ માં દર્શાવેલ પ્રોફોર્મામાં (કુલ-૧૬ કોલમ) ભરવા જણાવવામાં આવે છે.

૬/ - ટ્રાફિક સેન્સસની કામગીરી થયા પછી વિભાગની "પી" શાખામાં રાખવામાં આવતા ટ્રાફિક સેન્સસ અંગેના રજીસ્ટરોમાં જરૂરી વિગતો તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં અચૂકપણે નોંધી જવા અંગેની વ્યવસ્થા કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

કે.ટી.પટેલ

ઉપ સચિવ

માર્ગ અને મકાન વિભાગ.

**બિડાણ** :- વર્તુળવાર કાર્યક્રમની યાદી.

**નકલ રવાના:-**

૧) નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી,ગાંધીનગર. (જાણ સારૂ)

૨) ઉપર્યુક્ત વર્તુળ હેઠળની સર્વે વિભાગીય કચેરીઓ (તેમના તાબા હેઠળની પેટા વિભાગીય કચેરીઓને (ના.કા.ઈ.શ્રીઓને) પણ નકલ મોકલી આપવા વિનંતી સહ.)

| ક્રમ | વર્તુળનું નામ | ટ્રાફિક સેન્સસ માટેનો કાર્યક્રમ |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1 | અધિક્ષક ઇજનેરશ્રી,નેશનલ હાઇવે વર્તુળ, ગાંધીનગર. | તા.૧૬/૧૦/૨૩ થી સળંગ સાત દિવસ |
| 2 | અધિક્ષક ઇજનેરશ્રી,નેશનલ હાઇવે વર્તુળ,વડોદરા. | |
| 3 | અધિક્ષક ઇજનેરશ્રી,પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર. | તા.૧૬ /૧૦/૨૩ થી સળંગ ત્રણ દિવસ |
| 4 | અધિક્ષક ઇજનેરશ્રી,(મા.મ) વર્તુળ,અમદાવાદ. | |
| 5 | અધિક્ષક ઇજનેરશ્રી,(મા.મ) વર્તુળ,મહેસાણા. | |
| 6 | અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ) વર્તુળ-૧ અને ૨,રાજકોટ. | |
| 7 | અધિક્ષક ઇજનેરશ્રી,(મા.મ) વર્તુળ, સુરત. | |
| 8 | અધિક્ષક ઇજનેરશ્રી,(મા.મ) વર્તુળ, વડોદરા. | |
| 9 | અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત(મા.મ) વર્તુળ, અમદાવાદ. | |
| 10 | અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત(મા.મ) વર્તુળ ગાંધીનગર. | |
| 11 | અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત (મા.મ) વર્તુળ-૧ અને ૨,રાજકોટ. | |
| 12 | અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત(મા.મ) વર્તુળ, સુરત. | |
| 13 | અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત(મા.મ) વર્તુળ, વડોદરા. | |